

# અલ્બર્ટ આઈન્સ્ટાઈન

સૈડલબક / ગુજરાતી અનુવાદ : હેમંત સોલંકી




# અલ્બર્ટ આઈન્સ્ટાઈન

સૈડલબક / ગુજરાતી અનુવાદ : હેમંત સોલંકી




# અલ્બર્ટ આઈન્સ્ટાઈન




અલ્બર્ટ આઈન્સ્ટાઈન નો જન્મ ૧૮૭૯માં જર્મનીમાં થયો. તેઓ દુનિયાના મહાનતમ વૈજ્ઞાનિક તેમજ વિચારક હતા. ૧૯૩૩માં જ્યારે જર્મનીમાં એડોલ્ફ હિટલર સત્તા પર આવ્યા ત્યારે આઈન્સ્ટાઈને પોતાનો દેશ હંમેશ માટે છોડી દીધો. આઈન્સ્ટાઈન એક યહૂદી હતા. ૧૯૪૦માં આઈન્સ્ટાઈન એક અમેરિકી નાગરિક બન્યા.


આમ તો તેમણે ઘણુ સંશોધન કર્યુ. પણ દુનિયા તેમને યાદ રાખે છે સાપેક્ષત ના સિદ્ધાંત માટે. E= m(c x c), તેમનુ આ સમીકરણ વિજ્ઞાનનુ સૌથી પ્રસિદ્ધ સમીકરણ બન્યુ. અહીં E=ઉર્જા, m=પદાર્થ અને c=પ્રકાશની ગતિ.





પાંચ વર્ષનો અલ્બર્ટ જ્યારે બીમાર હતો ત્યારે તેના પિતાએ તેને એક ભેંટ આપી.









અરે ! ચુંબકીય સોય
હમેશા એક જ દિશામાં
રહે છે !
આમ તો આકાશ ખાલી દેખાય છે પણ એમાં
જરૂર કાંઈક હશે જે સોયને હલાવે છે.
પણ એ મને દેખાતુ નથી.
અલ્બર્ટ એ હોકાયંત્ર વિષે ઘણા
સમય સુધી વિચાર્યું.
અલ્બર્ટની મા સંગીત
પ્રેમી હતી. સાંજે તે
મિત્રો સાથે સંગીતનો
અભ્યાસ કરતી.



અલ્બર્ટની મા અને તેના મિત્રો જ્યારે વાયોલિન પર મોઝાર્ટનું સોનાટા ગીત વગાડતા, અલ્બર્ટને તે ખુબજ પસંદ પડતુ.
એક દિવસ....
આ તારા માટે છે ! સંગીત શીખ.
તે સંગીત શિક્ષક પાસે ગયો.
રિયાઝ કરો ! મહેનત કરો ! જેટલો રિયાઝ કરશો તેટલું વધારે સારું !
કેટલાક સમય પછી....
આ સારી ધુન છે ! પણ તને હજુ રિયાઝ કરવો પડશે !
એક જ વસ્તુ વારંવાર કરવી મને પસંદ નથી.
આઈન્સ્ટાઈનને સંપૂર્ણ જીવન વાયોલિન ઉપર પ્રેમ રહ્યો. પણ એક જ વસ્તુને વારંવાર કરવી તેમને ક્યારેય પસંદ ન હતુ.



અલ્બર્ટના કાકા - જેકબ એન્જીનીયર હતા, અને બિઝનેસ કરતા હતા.
અલ્બર્ટ, શું મુંઝવણ છે ?
કાકા, આ બીજગણિત અઘરો વિષય છે.
બીજગણિત તો બહું મજાનો વિષય છે.
સાચ્ચેજ !
આમાં આપણે એક નાના પ્રાણીનો શિકાર કરીએ છીએ. એનું નામ આપણે નથી જાણતા, એટલે આપણે તેને 'X' કહીશું.
પછી આપણે તેનો શિકાર કરી તેને પકડીએ છીએ ! ત્યારે આપણે તેને સાચ્ચું નામ આપીએ છીએ.
જો આ રહ્યો જવાબ ! કેટલું સરળ છે.
અરે હા ! સાચ્ચેજ !


અલ્બર્ટનો મિત્ર તેના માટે કેટલાક પુસ્તકો લાવ્યો.
હું તારા માટે બે પુસ્તકો લાવ્યો છુ - એક છે ભૌતિકશાસ્ત્ર ઉપર અને બીજું છે ભૂમિતિ ઉપર.
તારો ખુબ જ આભાર મિત્ર !
કેટલાક અઠવાડિયાઓ પછી....
અરે મૈક્સ ! આ પ્રશ્ન ઉકેલવામાં મારી મદદ કર.
માફ કરજે અલ્બર્ટ. તુ ભૌતિકશાસ્ત્ર અને ગણિતમાં મારાથી વધારે હોશિયાર છો !
પરંતુ શાળામાં.....
સર, મારો એક પ્રશ્ન છે....
નહી ! તારે કાંઈ પણ પૂછવાનું નથી ! જે પુસ્તકમાં લખ્યું છે તે જ યાદ રાખવાનું છે અને પૂછવા પર એ જ ઉત્તર આપવાનો છે.
શાળા, ફોજ જેવી છે. શિક્ષકો અહીં લશ્કરી અધિકારીઓ જેવા છે. બધાને તેમના આદેશનું પાલન કરવું પડે છે. અહીં બધા એક સરખા જ લાગે છે.



ઘર માં....
શું આપણે કોઈ બીજા દેશમાં ચાલ્યા જઈએ? અહીં મને સૈનિક બનવું પડશે અને પછી યુદ્ધમાં મરવું પડશે !
બેટા, હજુ તુ સેનામાં ભરતી કરવા માટે ખુબજ નાનો છે !
હમણાંથી ચિંતા કરવાની કોઈ જરુર નથી !
પણ પિતાનો વ્યાપાર મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો હતો.
વ્યાપારમાં ખુબજ નુકસાન થયેલ છે. પણ આપણા એક સગાએ મને ઈટલીમાં નોકરીની વ્યવસ્થા કરી દીધી છે.
તો આપણે ઈટલી ચાલ્યા જઈશું.
હું તો આ જ ઇચ્છુ છું.
બેટા, પણ પહેલા તને અહીં શાળાકીય શિક્ષણ પૂરું કરવું પડશે.
તુ અહીં જ રહીને તારો ડિપ્લોમા પૂરો કર, જેનાથી તને યુનિવર્સિટીમાં પ્રવેશ મળી શકે !



પછી એક દિવસ શાળાના પ્રિન્સીપાલે અલ્બર્ટને બોલાવ્યો.
અલ્બર્ટ ખુબજ દુખી થયો. તેને શાળાકીય શિક્ષણ પૂરૂં થવા સુધી ત્યાંજ પોતાના સગાઓ સાથે રહેવું પડ્યું.
તને શાળા છોડવી પડશે ! તુ ખુબજ પ્રશ્નો પૂછે છે. બાકી વિદ્યાર્થીઓ પર આની ખોટી અસર પડે છે. તુ હવે આ શાળામાં ભણી નહી શકે.
શું, જવું પડશે ?
પછી અલ્બર્ટ ઈટલી ગયો. તેને ખુબજ સારૂં લાગ્યુ.
તે ત્યાંની આર્ટ-ગૈલેરિઝમાં જતો.
તે હોડી ચલાવતા શીખ્યો.
તે સંગીત સાંભળતો.
અને પહાડો પર ચઢતો.



પણ કેટલાક મહિનાઓ પછી.....
તુ હવે કાઇંક કમાવાનું વિચાર.
તુ ઈલેક્ટ્રીકલ એંજીનિયર બન.
ડિપ્લોમા વગર યુનિવર્સિટીમાં તેને પ્રવેશ નહી મળી શકે.


સ્વિસ પોલીટેક્નીકમાં તને ફક્ત પ્રવેશ પરીક્ષા આપવી પડશે. તારી ઉમર હમણા ઓછી છે, પણ તે પરીક્ષા આપવા લાયક છે.



૧૬ વર્ષનો અલ્બર્ટ જ્યુરિખ, સ્વીત્ઝર્લેન્ડ ગયો અને પરીક્ષા આપી.
તે નાપાસ થયો. પણ સ્કૂલના પ્રિન્સીપાલે તેને બોલાવ્યો.
તે બીજગણિતમાં ખુબજ સારો દેખાવ કર્યો છે. તું એક વર્ષ આરાઉ હાઈસ્કૂલમાં ભણ, તો તું આ પરીક્ષા પાસ કરી લઈશ.


આરાઉ, જ્યુરિખથી ૨૦ માઈલ દૂર હતુ. અલ્બર્ટ, ત્યાં એક શિક્ષકના પરિવાર સાથે રહ્યો. અલ્બર્ટને પોતાની શાળા, સ્વીત્ઝર્લેન્ડ અને ત્યાંના લોકો ખુબજ પસંદ હતા.
સ્વીત્ઝર્લેન્ડ ખુબજ સુંદર છે. ત્યાં લોકો આદેશ નથી દેતા. તેઓ લોકોના પ્રશ્નોના જવાબ આપે છે, અને લોકોને પોતે વિચારવા માટે મદદ કરે છે.



એક વર્ષ પછી અલ્બર્ટએ ફરીથી પોલિટેક્નિક ઈંસ્ટીટ્યૂટની પરીક્ષા આપી. ચાર વર્ષ સુધી તેણે ત્યાંના જીવનને માણ્યું.
ત્યાં મોજ માણવા ઘણી બાબતો હતી.
તે ગણિતની વિદ્યાર્થિની છે. મેં તેને ક્લાસમાં જોઈ છે, પણ મને તેનું નામ ખબર નથી.
તે મિલીવા મારિક છે.
જલ્દી તેની મિલીવા સાથે સારી મિત્રતા થઈ ગઈ.
કોર્સ પૂર્ણ કરી નોકરી મળતા જ આપણે લગ્ન કરી લઈશું.
અલ્બર્ટનો ક્લાસમાં હજુ એક મિત્ર હતો - માર્સેલ ગ્રોસમૈન
એવા વિચારો ઉદ્દભવી રહયાં છે જે ભૌતિક દુનિયાની આપણી સમજને એકદમ બદલી નાખશે. પણ તે અહી ભણાવવામાં નથી આવતુ.
હું તેને સમજવા માંગુ છુ પણ મને દરરોજના ક્લાસના ભણતરથી ફુર્સત નથી મળતી.
તુ તે નવા વિચારો પર અભ્યાસ કર. હું ક્લાસના સારા નોટ્સ બનાવીશ અને પરીક્ષા માટે શું વાંચવાનું છે એ તને જણાવીશ.
આ મદદના લીધે અલ્બર્ટ પોતાની પરીક્ષા સહેલાઈથી પાસ કરી શક્યો.



ઓગસ્ટ ૧૯૦૦ માં અલ્બર્ટ અને તેના મિત્રોને સ્નાતકની ડિગ્રી મળી.
તુ આગળ શું કરીશ,અલ્બર્ટ ?
હું શિક્ષક બનીશ.
કારણકે અલ્બર્ટ પોતાના પ્રોફેસરના લેક્ચરમાં નહોતો જતો એટલે ત્યાંના લોકો તેને શિક્ષક બનાવવા નહોતા માંગતા.
મને એક નોકરી જોઈતી છે. પણ પહેલા હુ સ્વિસ નાગરિકત્વ મેળવીશ. તે મેળવવા માટે મેં કેટલાક પૈસા બચાવી રાખ્યા છે.
સ્વિસ લોકો દયાળુ અને મુક્ત છે ! અહીં લોકો શાંતિથી રહે છે ! હું જર્મન છુ, તેવું મને અહીં લાગ્યુ જ નહી.
૧૯૦૧ માં અલ્બર્ટને સ્વિસ નાગરિકત્વ મળ્યુ. સંપૂર્ણ જીવન તેમણે તેનો આદર કર્યો.
૧૯૦૨ માં પોતાના મિત્ર માર્સેલની મદદ થી અલ્બર્ટને બર્ન સ્થિત સ્વિસ પેટેન્ટ કચેરીમાં નોકરી મળી ગઈ.
તુ મોડેલનો અભ્યાસ કરજે. જો તેમાં કોઈ નવીનતા જણાય તો પોતાની રિપોર્ટમાં તે લખજે જેથી કરીને આવિષ્કારકના હિતો સુરક્ષિત રહે.
ઠીક છે, સર.


બર્નમાં એના ઘણા મિત્રો બન્યા જેમની સાથે તે વાતો કરતો.
પગારથી ગુજરાન ચાલી જાય છે. અહીં હું બીજી વસ્તુઓ વિષે પણ વિચારી શકુ છુ.
ત્યાં અલ્બર્ટએ મિલીવાને બોલાવી લીધી. પછી બન્નેએ લગ્ન કરી લીધા.
લગ્નની શુભકામનાઓ !
બીજા વર્ષે તેમને એક પુત્ર થયો - હંસ અલ્બર્ટ
અલ્બર્ટ ?
અંદર આવ !
તેઓ જે પણ કરતા, તેમની પાસે એક પુસ્તક જરુર રહેતુ.
અને ખિસ્સામાં એક નોટબુક.
હાં, ઠીક છે.



૧૯૦૫માં આઈન્સ્ટાઈનના ચાર નિબંધો વૈજ્ઞાનિક પત્રિકાઓમાં છપાયા. બધાજ મહત્વપૂર્ણ હતા.
૧૬ વર્ષ પછી તેમાંના જ એક નિબંધ ઉપર તેને નોબેલ પુરસ્કાર એનાયત થયો.
તેણે એક મિત્રને લખ્યું.....
પહેલો નિબંધ પ્રકાશના વિકિરણ અને ઉર્જા ઉપર હતો. તે ખુબજ ક્રાંતિકારી સાબિત થયો. ચોથો નિબંધ સ્પેસ-ટાઈમના સિદ્ધાંતને બદલે છે.
સામાન્ય જનતાએ આ નિબંધો વિષે ક્યારેય સાંભળ્યુ ન હતુ. પણ દુનિયાભરના વૈજ્ઞાનિકો તેને વાંચીને ઉત્સાહિત થયા.
પોલૈંડમાં...
નવો કોપર્નિક્સ જન્મ્યો છે. આઈન્સ્ટાઈન ના નિબંધ વાંચ.
જર્મનીમાં....
હેર આઈન્સ્ટાઈનનો એક મહત્વપૂર્ણ લેખ. આપણે તેને વાંચવો જોઈએ.
કેટલાક લોકોનો મત જુદો હતો...
તે પાગલ છે.
જ્યુરિખના પ્રોફેસરો હવે દિલગીર હતા...
આ સ્વિસ આઈન્સ્ટાઈન અને તેનો સિદ્ધાંત. એ તો આપણે અહીં એક પ્રોફેસર હતો ?
કદાચ નહી. પણ આપણે તેને અહીં લાવવાનો પ્રયત્ન જરૂરથી કરીશું.
પહેલા તેઓએ તેને નોકરી ન આપી. હવે તેની પાસે નોકરીઓની ભરમાર હતી.


૧૯૦૯માં આઈન્સ્ટાઈન યુનિવર્સિટી ઓફ જ્યુરિખમાં એસોસિએટ પ્રોફેસર બન્યા.
૧૯૧૦માં તેમને બીજા પુત્રરત્નની પ્રાપ્તિ થઈ.
૧૯૧૧માં તેઓ યુનિવર્સિટી ઓફ પ્રાગ ગયા.
પ્રાગમાં તેઓ પ્રોફેસર બન્યા. ત્યાં પગાર પણ વધારે મળ્યો અને કામ માટે વધારે સમય પણ મળ્યો.
તને પ્રાગ જવું જોઈએ.
તેઓ મારો ધર્મ જાણવા માંગે છે. અને હું લોકોને “ધર્મ” જેવા મુદ્દે વહેંચવા નથી માંગતો.
જો,તુ ગ્રીક ઓર્થોડોક્સ છો, અને હું યહૂદી છું. પરંતુ જે ઈશ્વરમાં મારો વિશ્વાસ છે તે ક્યાંયપણ આવા ચોકઠાઓમાં બંધબેસતો નથી.
પ્રાગમાં...
જો જીવન કેટલું સુધરી રહ્યું છે. બર્નમાં તેલના દીવાઓ હતા. જ્યુરિખમાં ગેસ લાઈટ હતી. અહીં વીજળીથી ચાલતા બલ્બ છે.
તેમજ એક નોકરાણી પણ !


તેમની સાથે કઈંક બીજું પણ હતુ...
જર્મન, જેક ને ઉતરતો સમજે છે. એ લીધે જેક, જર્મન ને ધિક્કારે છે ! યહૂદી બધાથી અલગ હતા.
તે એક સારી યુનિવર્સિટી છે અને મારું કામ બરાબર ચાલી રહ્યું છે.
આઈન્સ્ટાઈન યુરોપના વૈજ્ઞાનિકોમાં પ્રસિદ્ધ થઈ રહ્યાં હતા.
કેટલીયે યુનિવર્સિટીઓ તેમને ગેસ્ટ-લેક્ચરર તરીકે બોલાવા લાગી.
કેટલીયે યુનિવર્સિટીઓએ તેમને નોકરીની ઓફર આપી.
૧૮ મહીનાઓ પછી આઈન્સ્ટાઈન પ્રાગથી જ્યુરિખ પરત ફર્યા.
જે શાળામાં હું નાપાસ થયો અને જ્યાં મને શિક્ષકની નોકરી ના મળી, તે હવે મને પ્રોફેસરશીપ આપી રહી છે.
આઈન્સ્ટાઈનના ભાષણો લોકપ્રિયતા મેળવતા ગયા.
જો તમને સમજમાં ના આવે તો પ્રશ્નો પૂછો ! પ્રશ્નોમાં મારો વિશ્વાસ છે !
પછી કેટલીયે વખત....
મને આ ઉત્તમ વિચારોને લખી લેવા જોઈએ.....




એક દિવસ કેટલાક લોકો મળવા આવ્યા.
સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિકો જર્મનીમાં કામ કરે છે. તમે પણ ત્યાંજ કામ કરો.
ત્યાં તમે એક નવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિક્સ ના ઉપરી થશો અને રોયલ પ્રશિયન એકેડેમીના સદસ્ય પણ થશો. પગાર પણ ખૂબ સારો મળશે.
તમે ઈચ્છો તો ભણાવી શકો છો, અથવા પૂરો સમય શોધકાર્યમાં લગાવી શકો છો.
તમારી ઓફર આકર્ષક છે, પણ હવે હું જર્મન નથી, અને જર્મન બનવા પણ નથી માંગતો ! સ્વિસ નાગરિક તરીકે હું ત્યાં આવી શકું છુ !
જર્મન કાઉન્સિલ આના માટે માની ગયુ. એપ્રિલ ૧૯૧૪માં, આઈન્સ્ટાઈન પરિવાર બર્લિન પહોંચ્યો. આઈન્સ્ટાઈન દંપતીએ છુટ્ટા-છેડા લીધા, અને મિલીવા પોતાના બન્ને દીકરાઓને લઈને જ્યુરિખ પાછી ચાલી ગઈ.
આપણે છુટ્ટા પડીએ એ જ સારું રહેશે. પણ આપણે આજીવન મિત્રો રહીશુ.
જો હું કદી નોબેલ પુરસ્કાર જીત્યો તો તેનાથી મળેલ ધન તને આપીશ.
આઈન્સ્ટાઈનને બર્લિનમાં ફક્ત લશ્કર તેમજ સૈનિકો જ દેખાયા.
લશ્કર ફક્ત યુદ્ધ કરશે અને તારાજી સર્જશે ?


ઓગસ્ટ મહિનામાં જર્મનીએ બેલ્જીયમ ઉપર આક્રમણ કર્યું.
આ સાથેજ જર્મની આખી દુનિયા સાથે યુદ્ધ કરી રહ્યું હતુ.
અમે એક દસ્તાવેજ તૈયાર કર્યો છે - કે જર્મની આ યુદ્ધ માટે જવાબદાર નથી. ૯૩ પ્રસિદ્ધ જર્મન વૈજ્ઞાનિકોએ આના પર હસ્તાક્ષર કરી પોતાની સહમતી આપી છે. શું તમે હસ્તાક્ષર કરશો ?
ના ! હું નહી કરું !
આઈન્સ્ટાઈન એ યુદ્ધ-વિરોધી - જોર્જ નિકોલાઈ, નો પક્ષ લીધો.
આપણે જર્મન લોકોને અપીલ કરશું કે તેઓ યૂરોપ સાથે મળીને યુદ્ધ માટે નહી, પરંતુ શાંતિ માટે કામ કરે.
એકતા અને શાંતિ, હાં ! રાષ્ટ્રવાદ અને યુદ્ધ નહી !
એ દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર ફક્ત બે જર્મન લોકોએ કર્યા. પણ આઈન્સ્ટાઈને ઘણા પત્રો લખ્યા તેમજ કેટલીએ મીટિંગ્સમાં ભાગ લીધો. તેમણે શાંતિ ઉપર કેટલાયે ભાષણો આપ્યા.
તે ઉપરાંત તેઓ પોતાના કામમાં ખૂંપેલા રહેતા. પછી ૧૯૧૫માં........
કામ પૂરું થયુ. દસ વર્ષો પહેલા મેં સ્પેશલ થીયરી ઓફ રિલેટીવિટી ઉપર નિબંધ લખ્યો હતો. અને હવે જનરલ થીયરી....
આઈન્સ્ટાઈના કેટલાક સંબંધીઓ બર્લિનમાં રહેતા હતા. તેની એક પિતરાઈ વિધવા હતી. તેની બે દીકરીઓ હતી.
બાળપણમાં તુ વાયલિન વગાડતો. શું હજુ પણ તુ વાયલિન વગાડે છે ?
હાં એલ્સા ! સંગીત મને શાંતિ આપે છે.


૧૯૧૮માં જર્મનીએ સમર્પણ કરી દીધું.
૧૯૧૯માં એલ્સા અને આઈન્સ્ટાઈનએ લગ્ન કરી લીધા.
મારી થિયરી પ્રમાણે બીજા તારાઓનો પ્રકાશ, પૃથ્વી સુધી આવતા સૂર્યના પ્રભાવથી વળી જશે. તેનાથી એવું લાગશે કે એ તારો પોતાના સ્થાનેથી ખસી ગયો છે.
આની સાબિતી પૂર્ણ સૂર્ય-ગ્રહણના સમયે થઈ શકે છે. ત્યારે દિવસમાં પણ તારાઓ દેખાશે.
કેટલાક બીજા વૈજ્ઞાનિકો પણ આઈન્સ્ટાઈનની થિયરીને ચકાસવા માંગતા હતા. ઈંગ્લેન્ડમાં....
બ્રાઝિલ અને પ્રિન્સીપ આઈલૈંડ, દક્ષિણ આફ્રિકામાં સૂર્ય-ગ્રહણ ખુબજ સ્પષ્ટ દેખાશે.
ત્યાં ચકાસણી કરીશું !
૨૯મે, પ્રિન્સીપ આઈલૈંડ....
જલ્દી કર ! હજુ એક પ્લેટ ! સૂર્ય-ગ્રહણ ફક્ત બે મિનિટ જ રહેશે !




ચકાસણી કેવી રહી ?
ખબર નહી ! તે સમયે આકાશ વાદળછાયુ હતુ. પ્લેટ્સ ડેવલોપ થયા પછીજ જાણી શકાશે.
પછી ૩ જૂનના દિવસે.....
મેં આખો દિવસ ગણતરી કરી. મારા મેળવેલા પરિણામો, આઈન્સ્ટાઈનની થિયરી સાથે સુસંગત છે.
૬ નોવેમ્બર, ૧૯૧૯ ના દિવસે ઈંગ્લેન્ડએ અધિકારીક રીતે આઈન્સ્ટાઈનની થિયરીને પ્રમાણભૂત ઠેરવી.
આ સાથેજ આઈન્સ્ટાઈન વિશ્વ પ્રસિદ્ધ થઈ ગયા.
એલ્સા, કોણ આવ્યુ છે ?
ડઝનભર પ્રેસ રિપોર્ટર આવ્યા છે !
ચોથુ પરિમાણ શું છે ?
શું હોલિવુડ સાચ્ચેજ તમારા ઉપર ફિલ્મ બનાવવા માંગે છે ?
પ્રકાશ કંઈ રીતે વળે છે ?
શું લોકો પાગલ થઈ ગયા છે ?



આઈન્સ્ટાઈનને વિશ્વભરમાંથી હજારો પત્રો મળ્યા..
પણ હું તેનુ શું કરીશ ?
બહાર હજુ જથ્થાબંધ પત્રો પડયા છે !
જ્યાંરે આઈન્સ્ટાઈન બહાર નીકળતા.....
કૃપયા, ઓટોગ્રાફ દેશો પ્રોફેસર આઈન્સ્ટાઈન...?
કૃપયા, હલો નહી ! હું ફોટો ખેંચી રહ્યો છુ !
વૈજ્ઞાનિકોએ આઈન્સ્ટાઈનનું સન્માન કર્યું. તેમને કેટલાએ દેશોમાંથી નોકરી માટે ઓફરો મળી.
જેટલી મારા વિષે ચર્ચાઓ થાય છે, જર્મન એટલાજ પ્રમાણમાં મને ધિક્કારે છે. કારણકે હું એક યહૂદી છુ. પણ હું શાંતિપ્રિય છુ. કદાચ મને જર્મની છોડવું પડે.
તમારા પર થઈ રહેલ આક્રમણો બિલકુલ ઠીક નથી.
હવે જર્મની એક રિપબ્લિક છે. યૂરોપમાં શાંતિની એક આશા બંધાઈ છે. હું અહીંજ રહીને મદદ કરીશ.



ત્યાં આઈન્સ્ટાઈન ચૈમ વાઈજમૈનને મળ્યા. તેઓ યહૂદીઓના પ્રમુખ નેતા હતા.
હું નથી ઈચ્છતો કે ધર્મ લોકોને વહેંચવાનું કામ કરે. પણ હવે મને લાગે છે કે યહૂદીઓએ ફિલીસ્તીનને પોતાનું સાંસ્કૃતિક કેન્દ્ર બનાવવું જોઇએ.
તો પછી મારી સાથે અમેરીકા ચાલો. આપણે ત્યાં આના માટે જરૂરી ભંડોળ એકત્ર કરીએ. તમે ત્યાં એક વિશેષ યહૂદી યુનિવર્સિટી શરુ કરવા માટે ભંડોળ એકત્ર કરજો.



એપ્રિલ ૧૯૨૧માં આઈન્સ્ટાઈન પરિવાર ન્યૂયોર્ક પહોંચ્યો. જહાજ ઉપર ઘણા પત્રકારો આઈન્સ્ટાઈનનો ઇન્ટરવ્યૂ લેવા પહોંચ્યા.
શ્રીમતી આઈન્સ્ટાઈન, શું તમે સાપેક્ષતાના સિદ્ધાંતને સમજો છો ?
નહી, આમ તો અલ્બર્ટ એ મને તે સમજાવવાના ભરચક પ્રયાસો કર્યા છે. પણ મારા આનંદ માટે તે સમજવુ જરૂરી નથી.



દરેક જગ્યાએ આઈન્સ્ટાઈનનું લોકોએ જોરદાર સ્વાગત કર્યું.
યહૂદી નેશનલ ફન્ડ માટે કરોડો ડોલર જમા થયા.



આઈન્સ્ટાઈનને રાષ્ટ્રપતિના વ્હાઈટ-હાઉસમાં આમંત્રણ મળ્યુ.
કોલમ્બિયા યુનિવર્સિટીએ તેમને મેડલ એનાયત કર્યો.
પ્રિન્સ્ટન યુનિવર્સિટીએ તેમને એક ડિગ્રી એનાયત કરી.
પછીના કેટલાક વર્ષોમાં આઈન્સ્ટાઈનએ ઘણા બધા દેશોની મુલાકાત લીધી.
દરેક જગ્યાએ તેમને પ્રેમ અને આદર મળ્યા.
અલ્બર્ટ તમને નોબેલ પુરસ્કાર એનાયત થયો છે !
એ તો બહુ સારી વાત છે.
પુરસ્કારની ધનરાશિ હું મિલીવાને આપીશ, જેનાથી એ મારા બન્ને દીકરાઓને ભણાવી શકે.
જાપાનમાં આઈન્સ્ટાઈનના સન્માનમાં એક દિવસની જાહેર રજા રાખવામાં આવી.
જર્મનીમાં આઈન્સ્ટાઈનને કોઈ સન્માન ના મળ્યુ. હિટલર અને તેના માણસો દરેક વાત માટે યહૂદીઓ અને આઈન્સ્ટાઈનને દોષી ઠરાવવા લાગ્યા.
અલ્બર્ટ જર્મની છોડી જઈએ ! નાઝીઓએ હાલમાંજ વિદેશ મંત્રી ડોક્ટર રાઠેનાઉ ને ઠાર કર્યા છે. અને તમને પણ ઠાર કરવાની ધમકી આપી રહ્યાં છે.
નાઝી પાર્ટી જર્મનીમાં નાના પાયે છે. હું અહીં રહીને તેમને હરાવવામાં મદદ કરીશ.


પણ પછીના દસ વર્ષોમાં જર્મનીમાં નાઝી પાર્ટી સશક્ત થઈ ગઈ. આઈન્સ્ટાઈનને મળવા અમેરિકાથી એક પ્રતિનિધી આવ્યા.
અમે પ્રિન્સટનમાં શોધકોની એક ઇન્સ્ટિટ્યૂટ બનાવી રહયાં છીએ. ત્યાં તમે પોતાની મરજી પ્રમાણે કામ કરી શકશો. અમારી ઈચ્છા છે કે તમે તે ઇન્સ્ટિટ્યૂટના પ્રમુખ બનો !
શું હું વર્ષમાં કેટલાક મહિનાઓ ત્યાં વિતાવી શકુ છુ ?
આઈન્સ્ટાઈનનો પરિવાર તેમજ મિત્રો તેમની સુરક્ષાને લઈને ખુબજ ચિંતિત રહેતા હતા.
નાઝીઓ રોજ નવી ધમકી આપી રહયા છે.
તેઓ રોજ તમને ધમકી આપે છે. તેઓ તમારી થિયરીને દુનિયાની વિરુદ્ધ રચેલ એક યહૂદી ષડયંત્ર જણાવે છે !
તમને ઠાર મારવા માટે નાઝીઓએ ૫૦૦૦ ડોલરના ઈનામની ઘોષણા કરી છે !
મને ખબર નહોતી કે મારુ માથુ આટલુ બધુ કિમતી છે !
અલ્બર્ટ, તમે આને હંસવામાં ના લો. આપણે હવે જર્મની છોડી દેવુ જોઈએ.
આપણે શિયાળો શરુ થતાજ અમેરિકા જઈશું. ત્યાં હું કૈલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં સમય વીતાવીશ.


કૈલિફોર્નિયામાં શિયાળો વિતાવ્યા પછી આઈન્સ્ટાઈન પરિવાર જર્મની પરત ફરવાની તૈયારી કરી રહ્યા હતા.
હવે હિટલર ચુનાવ જીતીને જર્મનીનો સર્વેસર્વા બન્યો છે ! હવે તમે ત્યાં જઈને પણ શું કરશો ?
આવી પરિસ્થિતીઓમાં જર્મની પાછો નહી જાઉં !
તે કેટલાક સમય માટે યૂરોપ પરત ફર્યા. પછી અમેરિકા પાછા ફરી તેમણે પ્રિન્સ્ટન ને જ પોતાનુ ઘર બનાવ્યુ.
બહુ જલ્દી તેમને વ્હાઈટ-હાઉસમાં આવવાનુ આમંત્રણ મળ્યુ.
લાગે છે તમને નૌકા વિહારમાં ખુબ મજા આવે છે.
હાં, ખુબજ મજા !
૧૯૪૦માં આઈન્સ્ટાઈનએ અમેરિકી નાગરિક્ત્વની શપથ લીધી.
કેટલાએ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો હિટલરનું જર્મની છોડીને આઈન્સ્ટાઈન સાથે ચર્ચા કરવા આવ્યા.
લાગે છે કે જર્મની બહુ જલ્દી અણુ બોમ્બ બનાવી લેશે.
તે તો ખુબજ ભયાનક હશે ! તે પછી તો હિટલર આખી દુનિયાને બ્લેકમેલ કરશે !


હું જર્મનીના
અણુ બોમ્બ બાબતે
પ્રેસિડેન્ટ રુઝવેલ્ટનું
ધ્યાન દોરીશ.
પ્રેસિડેન્ટ રુઝવેલ્ટને આઈન્સ્ટાઈને લખેલો પત્ર ખુબજ પ્રસિદ્ધિ પામ્યો.
તે પછી અમેરિકા પણ અણુ બોમ્બ બનાવવાની સ્પર્ધામાં કૂદી પડયું. જર્મન સેના યૂરોપમાં આગળ વધતી જતી હતી. જાપાની સેનાએ અમેરિકા પર આક્રમણ કર્યું.


૬ ઓગસ્ટ ૧૯૪૫ના ગોઝારા દિવસે અમેરિકાએ હિરોશિમા ઉપર પહેલો અણુ બોમ્બ ઝીંક્યો.
હવે આણ્વિક હથિયારો હકીકત બનીને સામે આવી ગયા હતા.
૧૯૪૬માં આઈન્સ્ટાઈનએ વૈજ્ઞાનિકો સાથે મળી એક કમિટી બનાવી અને દુનિયાને આણ્વિક હથિયારો દ્વારા થનાર તારાજીથી ચેતવવાનું શરુ કર્યું.
આણ્વિક હથિયારોની
તારાજીથી બચવા
વિશ્વની સરકારો દ્વારા
યુદ્ધ પર હંમેશ માટે બંદી
લાવવી જોઈએ.




-X-X-X-X-X-X-X-સમાપ્ત-X-X-X-X-X-X-X-